જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૨/૨૦૧૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૪૪૩/૧૪**

**ક્રાઈમ બ્રાન્ચ** **(૧)**

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સીટીમાં ગઈ તા:૧૭/૧૨/૨૦૧૩ ના રોજ રેમેડીયલ પરિક્ષાનું સેમેસ્ટર-૪ નું મેથ્સ-૪ નું પેપર હોય અને તે દિવસે તે પેપર લીક થયા અંગેની GTU ને જાણ થતાં GTUએ આ અંગે તપાસ થવા સારૂ સૌપ્રથમ એક અરજી આપેલ તે અરજી અનુસંધાને ગંભીરતાને ધ્યાને લઈ નાયબ પોલીસ કમિશ્નરશ્રી હિમાંશુ શુકલા સાહેબ નાઓની સુચનાથી સાયબર ક્રાઈમ સેલમાં ડીસીબી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં .૫૦/૨૦૧૩ ઇપીકો કલમ ૩૭૯ ,ધી આઇટી એકટ કલમ ૬૬ ,૭૨ થી ગુનો દાખલ કરવામાં આવતા તે અંગેની તપાસ પોલીસ ઈન્સપેક્ટર એચ.એ.રાઠોડ નાઓ ચલાવી રહેલ છે.

આ ગુનાના કામે GTU ની તા:૧૭/૧૨/૨૦૧૩ ના રોજ રેમેડીયલ સેમેસ્ટર-૪ ના મેથ્સ-૪ નું પ્રશ્નપત્ર લીક થયેલ જે મોબાઈલના માધ્યમથી વોટ્સએપ નામની એપ્લીકેશન દ્વારા થયેલ જે અંગે પ્રથમ સીવીલીયન ગ્રુપ દ્વારા પરિક્ષા સમયે પ્રશ્નપત્રની ફોટો ઈમેજ એક વિધાર્થી પાર્થ પ્રજાપતીના મોબાઈલમાંથી મળી આવેલ જે અંગે વોટસએપનું “સીવીલયન” ગ્રુપમાં રહેલ ૪૯ વિધાર્થીઓને ઈન્ટ્રોગેશન કરવામાં આવેલ જેમાં આ પાર્થ પ્રજાપતીને પ્રશ્નપત્ર ફોટો ઈમેજ તે સીવીલીયન ગ્રુપમાં હોવાથી મળેલ અને તે સીવીલીયન ગ્રુપમાં પેપરની ઈમેજને જીત સાપરીયા રહે .રાજકોટ વાળાએ મુકેલ અને આ જીત સાપરીયાને તેના મિત્ર સંગીત પરસાણીયાએ આપેલ અને આ સંગીત પરસાણીયાને આ પેપરની ઈમેજ તેના મિત્ર સાગર ગાંધીએ તથા સાગર ગાંધીને જીલ દલાલે તથા જીલ દલાલને રીકીન દલાલે તથા રીકીન દલાલને

તેના એક મિત્ર કે જે વિસનગર ખાતે રહે છે અને એન્જીનીયરીંગનો અભ્યાસ કરે છે તે આકાશ પટેલે આપેલ આ આકશ પટેલે વોટસએપના ફેમીલી મેમ્બર ગ્રુપ મારફતે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા પાસેના ગામ મૈત્રાલ ખાતે આવેલ આર્ડેકતા એન્જીનીયરીંગ કોલેજમાં પ્રોટમ લેકચરર તરીકે નોકરી કરતા કેતનકુમાર જશુભાઇ પટેલ રહેવાસી ગામ.દેત્રોલી તા.ઇડર જી.સાબરકાંઠા નાઓથી મેળવેલ છે .

આ કામે વોટ્સએપ એપ્લીક્શનમાં એન્જીનીયરીંગ વિધાર્થીઓના સીવીલીયન ગ્રુપ ,શાલીગ્રામ કોરલ ગ્રુપ તથા ફેમીલી મેમ્બર ગ્રુપમાં રહેલ તમામ વિધાર્થીઓને તપાસતા અને જે વિધાર્થીઓને આ પેપરની ઈમેજ મળેલ છે તેવા વિધાર્થીઓના મોબાઈલ ફોન પણ કબ્જે કરી તપાસણી અર્થે FSL ગાંધીનગર ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે તેમજ આ અંગે વોટ્સએપમાંઠી માહિતી મેળવવા પણ તજવીજ કરેલ અને છેલ્લે તપાસ દરમ્યાન એવુ ફલીત થયેલ છે કે ,ઉપરોકત કેતન પટેલનો મામાનો છોકરો નામે અનિલ પટેલ કે જે વિસનગર ખાતે આવેલ એસ.કે.પટેલ એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરે છે અને તેના મિત્ર યશ તથા આકાશ પટેલને તા:૧૭/૧૨/૨૦૧૩ ના રોજ લેવાનાર પરિક્ષાના પ્રશ્નપત્રની જરૂરિયાત હોવાથી તા:૧૬/૧૨/૨૦૧૩ ના રોજ તેઓએ અનિલને વાત કરેલ અને કહેલ કે ,તારો ભાઈ પ્રોફેસર છે જો તુ તારા ભાઈ ને કહે તો આપણને પેપર મળી જાય જેથી અનિલે તેના ભાઈ કેતન પટેલનો મોબાઈલથી સંપર્ક સાધી પેપર અંગેની વાત કરતાં કેતને તેમ કરવા જણાવેલ પરંતુ તે પેપર કંઈ રીતે મોકલે જેથી આ અંગે યશ પટેલ કે જે ફેમીલી મેમ્બર ગ્રુપ વોટ્સએપથી ચલાવતો હોય તેણે આ કેતનને તે ગ્રુપમાં એડ કરી અને તા:૧૭/૧૨/૨૦૧૩ ના રોજ કેતન પટેલ કે જે GTU ની પરિક્ષા દરમ્યાન સદર કોલેજમાં સીનીયર સુપરવાઈઝર તરીકે તેની ફરજ હોય જેથી કોલેજના GTU કંટ્રોલ રૂમમાં રહી જે પેપરની સીડી તથા સીડી ઓપન કરવા યુનીવર્સીટીથી આવેલ પાસવર્ડ GTU ના કો ઓર્ડીનેટર તથા ઓબઝર્વરએ આપતા કેતન પટેલે તે સીડી ઓપન કરી પ્રથમ એક પેપરની પ્રિન્ટ આઉટ મેળવી અને તે બાદ પરિક્ષાર્થીઓ ની સંખ્યા પ્રમાણે કોપી કાઢવા માટે તે બાજુમાં રહેલ ઝેરોક્ષ મશીન આધારે કોપીઓ કાઢતા તે

દરમ્યાન ચોરી છુપીથી પોતાના મોબાઈલ ફોનથી પેપર ના ઉપરના ભાગને છોડી ફક્ત પ્રશ્નોનો ફોટો પાડી તે ફોટાને અગાઉ નક્કી કર્યા મુજબ ફેમીલી મેમ્બર ગ્રુપમાં તે પેપર વાળી ઈમેજને અપલોડ કરી ગુનો આચરેલ છે .આજરોજ તેની તપાસ દરમ્યાન  સદર ગુનાના કામે અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે .

**(૨)**

અમદાવાદ શહેરમાં ઓટો રીક્ષામાં પેસેન્જરોને બેસાડી તેઓની સાથે પોતાની ટોળકીના સભ્યોને પેસેન્જર તરીકે રીક્ષામાં ભેગા બેસાડી આ રીતે બેસાડેલ પેસેન્જરની નજર ચુકવી લોકો પાસેની કીમતી માલમતાની ચોરીઓના બનાવો અવાર નવાર બનવા પામતા હોય અને આ પ્રકારના ગુન્હાઓ કરનાર ટોળકીના સભ્યોને પકડી લઈ આવા ગુનાઓ અટકાવવા સારુ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓએ ખાસ તાકીદ કરેલ હોય, જે અનુસંધાને ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીના માર્ગ દર્શન હેઠળ પોલીસ ઈન્સપેક્ટર શ્રી આર.આર.સરવૈયા તથા પોસઈશ્રી કે.જી.ચૌધરી તથા તેઓની ટીમના માણસો આજરોજ તા.૧૨/૨/૧૪ ના રોજ અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સ્કોડના હે.કો. તખતસિંહ જીલુભા તથા પો.કો.ભરતભાઈ રામજીભાઈ નાઓની ચોક્કસ બાતમી આધારે આવા પ્રકારના ગુન્હાઓ માં સંડોવાયેલ આરોપી અબ્દુલરફીક ઉર્ફે લેંડી S/o, અબ્દુલજબ્બાર શેખ ઉ.વ.૩૨ ધંધો : રીક્ષા ડ્રાયવીંગ રહે : ઘર નં. ૪૦, ગ્રીન પાર્ક સોસાયટી, અલીફનગરની પાછળ, વટવા અમદાવાદ નાનો (૧) રામોલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૩૦૩/૧૩ ઈપીકો કલમ : ૩૭૯, ૧૧૪ તથા (૨) ઓઢવ ફ.ગુ.ર.નં. ૩૧૪/૧૩ ઈપીકો કલમ : ૩૭૯, ૧૧૪ મુજબના ઉપરોક્ત મોડેસ ઓપરેન્ડીના ગુનાઓમાં વોન્ટેડ હોઈ જેને વટવા બીબી તળાવ ચાર રસ્તા ખાતેથી મળી આવતા જેના વિરુદ્ધમાં સીઆરપીસી ૪૧(૧)(એ) મુજબ કાર્યવાહી કરી જે તે પો.સ્ટે. તરફ મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત પૈકી રામોલ પો.સ્ટે.ના ગુનામાં સોનાના કંગન, વિટીંઓ તથા અન્ય મળી રૂ.૫૯૦૦૦/- ની કિંમતના દાગીના તથા રૂ.૨૦૦૦/- ની રોકડ રકમ મળી કુલ્લે રૂ.૬૧,૦૦૦/- ની ચોરી થવા પામેલ હતી. આ ગુનામાં અગાઉ અનીસએહમદ કરીમએહમદ રહે : અલીફનગર વટવા નાને અટક કરવામાં આવેલ છે. તેમજ ઓઢવ પો.સ્ટે.ના ગુનામાં સોનાના મંગળસુત્ર નંગ-૨ તથા બુટ્ટી મળી કુલ્લે રૂ.૯૩૦૦૦/- ના ચોરી થવા પામેલ હતી.

જે આરોપીની અન્ય ગુનાઓમાં સંડોવણી બાબતે આગળની વધુ પુછપરછ કરવામાં આવી રહેલ છે.

**<u>આરોપીનો ગુનાહીત ઈતિહાસ. : -</u>**

આરોપી અગાઉ આઠેક વર્ષ પહેલાં વટવા પો.સ્ટે.ના મારા મારીના ગુનામાં પકડાયેલ છે તેમજ ચારેક વર્ષ પહેલા રખીયાલ પો.સ્ટે.ના જુગારના બે કેસોમાં અગાઉ પકડાઈ ચુકેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.